નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકાસતી જાતિ કલ્યાણ હેઠળની અનુદાનિત આશ્રામશાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ(**School Management Committee**)ની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2024/1050/K,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૬/૦૬/૨૦૨૪

<u>વંચાણે લીધા:-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૨/03/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક.
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૪/૧૧/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક.
(૪) નિયામકશ્રી(વિજાક)નો તા.૧૩/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/અમશા/SMC/૨૦૨૪-૨૫/૯૯.
(૪) નિયામકશ્રી(અજાક)નો તા.૧૪/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૪/૨૬૧૦.

<u>આમુખ:-</u>

બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯(આર.ટી.ઇ. એક્ટ, ૨૦૦૯)ની કલમ -૨૧ મુજબ રાજ્ય સરકાર અથવા સ્થાનિક સ્વાતંત્ર તરફથી કોઈપણ પ્રકારની સહાય કે ગ્રાન્ટ ન મેળવતી બિન-અનુદાનિત(નોન ગ્રાન્ટેડ) શાળાઓ સિવાયની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ(School Management Committee)ની રચના કરવાનું અભિપ્રેત છે. આ કલમ-૨૧ મુજબ સમિતિના ઓછામાં ઓછા ૭૫ ટકા સભ્યો તરીકે બાળકોના માતા-પિતા કે વાલીઓનો (જેમાં વંચિત જુથ અને નબળા વિભાગના બાળકોના માતા-પિતા કે વાલીઓને પણ પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહે છે.) તથા સમિતિના ૫૦ ટકા સભ્યો તરીકે મહિલાઓનો સમાવેશ કરવાની જોગવાઇ છે. જે મુજબ શિક્ષણ વિભાગે ઉક્ત કમ(૧) પરના તા.૨૨/03/૨૦૧૧ના ઠરાવથી શાળા વ્યવસ્થાપન સમિતિ(School Management Committee)ની રચના કરેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમ-(૩) અને (૪) પરના પત્રોથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની અનુદાનિત આશ્રામશાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકાસતી જાતિ કલ્યાણ હેઠળની અનુદાનિત આશ્રામશાળાઓમાં નીચે દર્શાવેલ માળખા મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. <u>શાળા વ્યવસ્થાપન સમિતિનું માળખું:-</u>

(૧) આશ્રમશાળાના અધિકાર ક્ષેત્રમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના નીચે મુજબ કરવાની રહેશે અને દર બે વર્ષે તેની પુન: રચના કરવાની રહેશે.

(૨) શાળા વ્યવસ્થાપન સમિતિમાં કુલ બાર સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે. જેમાં નવ સભ્યો શાળામાં અભ્યાસ કરતા બાળકોના માતાપિતા કે વાલીઓમાંથી હશે. જેમાં વંચિત જુથ અને નબળા વર્ગના બાળકોના માતા-પિતા કે વાલીઓને પણ પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે.

(3) બાકી રહેલ ત્રણ સભ્યોમાં નીચે દર્શાવેલ એક એક વ્યક્તિનો સમાવેશ કરવાનો રહેશે.

ક. સ્થાનિક સત્તાતંત્ર(ગ્રામ પંચાયત, નગર શિક્ષણ સમિતિ) નક્કી કરે તેવી સત્તાતંત્રની ચૂંટાયેલી એક વ્યક્તિ

ખ. આશ્રમશાળાના શિક્ષકો પૈકી એક શ્રેયાન શિક્ષક.

ગ. સમિતિમાં સમાવિષ્ટ માતા-પિતા/વાલી નક્કી કરે તેવા એક સ્થાનિક શિક્ષણવિદ

વધુમાં, શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષશ્રીએ સ્થાનિક કડિયાની અને જો સ્થાનિક કડિયો ન હોય તો બાજુના ગામના કડિયાની કો-ઓપ્ટેડ સભ્ય તરીકે નિયુક્તિ કરવાની રહેશે. કડીયાએ ફક્ત સભ્ય તરીકેની જ કામગીરી બજાવવાની રહેશે. તેમને મતદાન કરવાનો હક્ક રહેશે નહીં.

(૪) શાળા વ્યવસ્થાપન સમિતિ પોતાનો રોજીંદો વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે. આશ્રમશાળા શ્રેયાન શિક્ષક હોદ્દાની રૂએ (ex-officio) શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્ય સચિવ તરીકેની કામગીરી બજાવશે.

(૫) શાળા વ્યવસ્થાપન સમિતિની બેઠક દર ત્રણ માસમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે. બેઠકની કાર્યવાહી નોંધ(Minutes) અને કરવામાં આવેલ નિર્ણયો અંગેની નોધોં વ્યવસ્થિત રીતે કરવાની/જાળવવાની રહેશે અને લોકોના જાણ અર્થે મૂકવાની રહેશે.

૨. <u>આશ્રમશાળાની શાળા વ્યવસ્થાપન સમિતિના કર્તવ્યો અને ફરજો:</u>

શાળા વ્યવસ્થાપન સમિતિએ આર.ટી.ઇ એક્ટ, ૨૦૦૯ની કલમ-૨૧ ની પેટા કલમ (૧) (ક) થી (ઘ) માં દર્શાવેલ નીચે મુજબના કાર્યો કરવાની સત્તા રહેશે. જે માટે સમિતિ પોતાના સભ્યોમાંથી નાના કાર્યજૂથોની રચના કરી શકશે.

(૧) આશ્રમશાળાની કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવું.

(૨) શાળા વિકાસ યોજના તૈયાર કરી તેની ભલામણ કરવી.

(3) રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્ર અથવા બીજા કોઇ સ્ત્રોતમાંથી મળેલ ગ્રાન્ટના ઉપયોગ/વપરાશ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવું.

વધુમાં, આર.ટી.ઇ. એક્ટ, ૨૦૦૯ની અન્ય જોગવાઇઓને અનુરૂપ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(૪) શાળાની નજીકના વિસ્તારની જનતાને સરળ અને રચનાત્મક શૈલીથી આર.ટી.ઇ એક્ટ, ૨૦૦૯ અન્વયે બાળકોને પ્રાપ્ત થયેલ અધિકારો અંગે સમજણ આપશે તથા રાજય સરકાર, સ્થાનિક સત્તાતંત્ર, આશ્રમશાળા, માતા-પિતા અને વાલીઓની ફરજો અંગેની સમજણ આપશે.

(૫) આર.ટી.ઇ એક્ટ,૨૦૦૯ની કલમ ૨૪ની પેટા કલમ (ક) અને (ગ) અને કલમ-૨૮ની અમલવારી સુનિશ્ચિત કરશે.

(૬) આર.ટી.ઇ એક્ટ, ૨૦૦૯ની કલમ-૨૭માં નિર્દિષ્ટ બિન શૈક્ષણિક ફરજો સિવાયની અન્ય કોઇ બિનશૈક્ષણિક ફરજો શાળામાં શિક્ષકોને સોંપવામાં આવે નહિ તે માટે દેખરેખ-નિયંત્રણ રાખશે.

(૭) આશ્રમશાળાની નજીકના વિસ્તારના તમામ બાળકોનો શાળા પ્રવેશ અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરશે.

(૮) આર.ટી.ઇ. એક્ટ, ૨૦૦૯ની અનુસૂચિમાં નિર્દિષ્ટ શાળા માટેના ધોરણો અને માપદંડ જળવાય તે માટે દેખરેખ-નિયંત્રણ રાખશે.

(૯) બાળકોના શિક્ષણના અધિકારોના ઉલ્લંઘન ખાસ કરીને બાળકોને શારીરિક શિક્ષા અને માનસિક કનડગત, પ્રવેશની ના પાડવી જેવી બાબતો સ્થાનિક સત્તાતંત્રના ધ્યાને લાવવી તેમજ આર.ટી.ઇ એક્ટ, ૨૦૦૯ની કલમ-૩(૨)ની જોગવાઇનું પાલન થાય તે જોવું.

(૧૦) આરટીઇ એક્ટ, ૨૦૦૯ની કલમ-૪ની જોગવાઇઓના અમલીકરણ માટે પ્રવેશ વંચિત રહેલ અથવા જેમણે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ ન કરેલ ન હોય તેવા બાળકો માટેની જરૂરીયાતો નક્કી (Identify) કરવા યોજના તૈયાર કરવી.

(૧૧) વિકલાંગ બાળકોની ઓળખ અને તેમના નામાંકન તથા ભણવા માટેની સવલતો બાબત દેખરેખ-નિયંત્રણ રાખવું અને તેઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી.

(૧૨) આશ્રમશાળામાં બાળકોને પૌષ્ટીક અને ગુણવત્તાયુક્ત ભોજન મળી રહે તે મુજબ દેખરેખ રાખવી.

(૧૩) આશ્રમશાળાના આવક અને ખર્ચના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.

(૧૪) અધિનિયમ અંતર્ગત પોતાના કર્તવ્યો અને ફરજો બજાવવા માટે શાળા વ્યવસ્થાપન સમિતિને મળનાર નાણાં માટે અલાયદા હિસાબો જાળવવાના રહેશે. અને દરેક વર્ષે તે ઓડિટ માટે બતાવવાના રહેશે.

(૧૫) ઉપર ક્રમ (૧૩) અને (૧૪)માં નિર્દિષ્ઠ કરેલ હિસાબો શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ અને સભ્ય સચિવે સહિ કરીને, તે તૈયાર કર્યાના એક માસમાં સ્થાનિક સત્તાતંત્રને રજૂ કરવાના રહેશે.

(૧૬) લોક ભાગીદારીથી આશ્રમશાળાના મકાનોના નિર્માણ, નિભાવ અને દુરસ્તીના કામો હાથ ધરવા અને તેના નિરીક્ષણ/દેખરેખ રાખવી.

(૧૭) શાળા વિકાસ/સુધારણા કાર્યક્રમમાં મળતા નાણાંકીય ભંડોળનો યોગ્ય ઉપયોગ થાય, માલસામન ખરીદી સ્પર્ધાત્મક ભાવો મંગાવીને સૌથી ઓછા ભાવ ધરાવતા વૈપારી પાસેથી ગુણવત્તાયુક્ત અને કરકસરભરી રીતે શાળાની જરૂરીયાત મુજબ અને યોજનાની માર્ગદર્શિકા મુજબ, આશ્રમશાળાના હેતુ માટે જ થાય તે જોવાનું રહેશે.

(૧૮) રાજય સરકાર અથવા નિયામક (અનુસૂચિત જાતિ કલ્યાણ/ વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા નિયત કરવામાં આવે તેવા બીજા કાર્યો કરવાના રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: GIRISHCHANDRA P PATEL
Reason: Approval of GR
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 06-Jun-2024 (02:47 PM)

( જી.પી. પટેલ )
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.ક.) - નિયામકશ્રી(અ.જા.ક.)ની કચેરી, ગાંધીનગર મારફત
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.) - નિયામકશ્રી(વિ.જા.ક.)ની કચેરી, ગાંધીનગર મારફત
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪